## જાહેરાત ક્રમાંક : 03/૨૦૧૮
## (ખેતી મદદનીશ અને તેની સમકક્ષ)

**આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદમાં ખેતી મદદનીશ અને તેની સમકક્ષની ભરતીમાં તા.૧૭,૧૮/૦૫/૨૦૨૨ના રોજ પ્રમાણપત્રની ચકાસણી માટે રૂબરૂ હાજર રહેલ ઉમેદવારો પૈકી લાયક ઠરતા ઉમેદવારો માટે આગામી પરીક્ષાની સૂચનાઓ**

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેરાત ક્રમાંક : ૦૩/૨૦૧૮ અન્વયે ખેતી મદદનીશ અને તેની સમકક્ષ) ની જગ્યાઓ માટે અરજી કરેલ ઉમેદવારો પૈકી પ્રાથમીક ધોરણે પ્રમાણપત્રની ચકાસણી અર્થે લાયક ઠરેલ ઉમેદવારોને રૂબરૂ તા.૧૭,૧૮/૦૫/૨૦૨૨ના રોજ મંગળવાર તથા બુધવારના રોજ બોલવવામાં આવેલ હતા. સબબ હાજર રહેલ ઉમેદવારો પૈકી લાયક ઉમેદવારો માટે નીચે મુજબની પરીક્ષા અંગેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

| ક્રમ | પસંદગી પ્રક્રીયા |
|---|---|
| ૧ | **ખેતી મદદનીશ અને તેની સમકક્ષ** ની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે સ્પર્ધાત્મક પરીક્ષા-Multiple Choice Question (MCQ) ની પ્રક્રિયામાંથી પસાર થવાનુ રહેશે. |
| ૨ | ખેતી મદદનીશની સ્પર્ધાત્મક પરીક્ષા Multiple Choice Question (MCQ) પધ્ધતિથી જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતને અનુરૂપ (વિષયલક્ષી ૭૫ ટકા તથા સામાન્ય જ્ઞાન ૨૫ ટકા અંદાજીત ગુણભાર) સ્પર્ધાત્મક કસોટી અંદાજીત જૂન-૨૦૨૨ ના બીજા અઠવાડીયા દરમ્યાન યોજવાનું આયોજન કરેલ છે. |
| ૩ | **સ્પર્ધાત્મક કસોટી : (ગુણ-૧૦૦)(સમય:૬૦ મિનીટ)**<br>(૧) પરીક્ષા Multiple Choice Question(MCQ) પધ્ધતિની રહેશે.<br>(૨) દરેક પ્રશ્ન ૦૧ (એક) ગુણનો રહેશે. |
| ૪ | **લઘુત્તમ લાયકી ધોરણ :**<br>પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહીતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ કસોટી માટે કુલ **ગુણના ૪૦ ટકા ગુણ રહેશે.** |
| ૫ | ખેતી મદદનીશ અને તેની સમકક્ષ ની જગ્યા માટે મેરીટ યાદી સ્પર્ધાત્મક કસોટીમાં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. |
| ૬ | નામ.સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ નં. પરચ-૧૦૨૦૧૫-૧૨૨૩-ક તા.૦૬/૧૧/૧૫ મુજબ વર્ગ-૩ સંવર્ગની જે જગ્યાઓની સીધી ભરતીથી નિમણુંક કરવાની હોય ત્યાં રૂબરૂ મુલાકાત (Interview) ની જોગવાઈ રદ્દ થતાં ફકત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જ પસંદગી કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૭ | રમતવીરો માટે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૨૦૧૩/ ૨૪૨૭૯૨/ગ-૨, તા.૨૧/૦૨/૨૦૧૪ અનુસાર સ્પર્ધાત્મક પધ્ધતિથી MCQ કસોટીમાં મેળવેલ ગુણના ૫ ટકા ગુણ નિયમોનુસાર ઉમેરવામાં આવશે. |
| ૮ | દિવ્યાંગજનો માટે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/ ૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨, તા.૧૭/૦૯/૨૦૨૧ અનુસાર તેઓને દિવ્યાંગતા (benchchmark disabilities) ધરાવતી વ્યકતિઓ માટે બેઠકો અનામત રહેશે. |
| ૯ | ઉકત સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન તૈયાર થયેલ અગ્રતાક્રમમાં પરીક્ષાનુ મેરીટ એકસરખુ થાય ત્યારે નીચેની વિગતે યોગ્ય નિર્ણય લઇ આગળની કાર્યવાહી કરવામાં આવશે.<br>(અ) જો એક કરતાં વધારે ઉમેદવારોના મેરીટ/ગુણ એક સરખા આવેલ હોય તેવા ઉમેદવારો માટે તેમની જન્મતારીખ (મોટી ઉંમરના ઉમેદવારને પ્રાધાન્ય) ધ્યાને રાખી તે મુજબ અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે.<br>(બ) ઉકત (અ) મુજબ જન્મ તારીખ સરખી થાય તેવા કિસ્સામાં લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ ધ્યાને લઇ તે મુજબ અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે.<br>(ક) ઉકત (બ) મુજબ લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ સરખા હોય ત્યારે શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦માં મેળવેલા કુલ ગુણ ધ્યાને લઇ તે મુજબ અગ્રતાક્રમ નકકી કરવામાં આવશે. |
| ૧૦ | સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા Multiple Choice Question(MCQ) અંગેની વિગતવાર કાર્યક્રમ તેમજ લેખિત પરીક્ષામાં લાયક ઠરતા ઉમેદવારોની યાદી ટૂંક સમયમાં યુનિવર્સિટીની વેબસાઇટ www.aau.in પર મુકવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ સમયાંતરે જોતા રહેવા આથી જણાવવામાં આવે છે. અનિવાર્ય સંજોગોના કારણોસર આ કાર્યક્રમમાં યુનિવર્સિટી ફેરફાર કરી શકશે. સરકારશ્રીના કોવિડ-૧૯ ના વખતો વખતના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. |
| ૧૧ | લેખિત પરીક્ષાના કાર્યક્રમ અંગેની સૂચનાઓ રાજયના અગ્રણી વર્તમાનપત્ર તથા યુનિવર્સીટીની વેબસાઇટ www.aau.in પર પ્રસિધ્ધ કરવામાં આવશે. |